પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૯ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮, મંગળવાર ; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બીએસએનએલે ફ્રી કોલ સેવા બંધ કરી

બીએસએનએલ દ્વારા ચલાવાતી ફ્રી લેન્ડલાઈન કોલ સેવા ૧લી ફેબ્રુઆરીથી બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. હવે રાત્રે માત્ર ૧૦થી સવારે ૫ સુધી લેન્ડલાઈન ટુ લેન્ડલાઈન સેવા ફ્રી અપાશે.

### પદ્માવત સો કરોડ ક્લબમાં સામેલ

ભારે વિવાદ બાદ કેટલાક રાજ્યોમાં પ્રદર્શિત થયેલ પદ્માવત ફિલ્મે જબરજસ્ત દેખાવ કર્યો છે. માત્ર પાંચ જ દિવસમાં આ ફિલ્મે ૧૧૫ કરોડની કમાણી કરતા આ ફિલ્મ સો કરોડ ક્લબમાં સામેલ થઈ ગઈ છે.

### પાંચ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ માટે સાઈટ ક્લીયરન્સ


કેન્દ્ર સરકારે દેશના વિવિધ વિસ્તારોમાં પાંચ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ માટે સાઈટ ક્લીયરન્સ આપી દીધુ છે. જેમાં માચીવારા (પંજાબ), જમશેદપુર (ઝારખંડ), અલ્વર (રાજસ્થાન) અને કોઠાગુડેમ (તેલંગાણા)નો સમાવેશ થાય છે.

### ટેટુ ચિતરાવ્યું હશે તો વાયુસેનામાં નોકરી નહીં

જો તમે તમારા શરીર પર ટેટુ ત્રોફાવ્યું છે તો તમને સરકારી નોકરી મેળવવામાં મુશ્કેલી પડી શકે છે, એટલે કે તમને ભારતીય વાયુસેનામાં જોબ મળવામાં મુશ્કેલીઓ પડી શકે છે. દિલ્હી હાઈકોર્ટે પોતાના આદેશમાં વાયુસેનાના એ નિર્ણયને જાળવી રાખ્યો છે.

# વિકાસ દર ૬.૭૫ ટકાનો અંદાજ

**નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આર્થિક સર્વે રજૂ કરતા નવી આશા : નોટંબધી બાદ નવા કરદાતાઓની સંખ્યામાં આશરે ૧૮ લાખ સુધીનો વધારો થયો છે : જીએસટી આવ્યા બાદ ટેક્સ વસુલાતમાં નોંધાયેલા નોંધપાત્ર વધારો**



નવીદિલ્હી,તા. ૨૯

બજેટને લઈને પ્રવર્તી રહેલી જુદા જુદા પ્રકારની અટકળો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે આર્થિક સર્વે રજૂ કરતા અર્થશાસ્ત્રીઓમાં આની વ્યાપક ચર્ચા રહી હતી. આર્થિક સર્વેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૮માં જીડીપી ગ્રોથ ૬.૭૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં જીડીપી ગ્રોથ ૭-૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં જીડીપી ગ્રોથ ૭.૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જો કે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં અર્થવ્યવસ્થામાં કેટલી ગતિ રહી છે તકેનો ઉલ્લેખ પણ આર્થિક સર્વેમાં કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જીએસટી, બેંકની પુનરચના, એફડીઆઈના નિયમોને હળવા કરવા અને વધી રહેલા નિકાસના કારણે ચાલુ નાણાંકીય વર્ષના બીજા

● અનુસંધાન પાન-૭ પર

## નાણાંકીય ખાદ્ય ત્રણ ટકા રહેવાનો અંદાજ

નાણાં પ્રધાન અરૂણ જેટલી દ્વારા આજે આર્થિક સર્વે રજૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં નાણાંકીય ખાદ્ય ત્રણ ટકા સુધી રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. સાથે સાથે અન્ય કેટલીક ઉપયોગી વાત પણ કરવામાં આવી છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ વસુલાતના ટાર્ગેટને હાંસલ કરવા માટેની પણ આશા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં નાણાંકીય નુકસાનના લક્ષ્યાંકમાં નજીવો વધારો થઈ રહ્યો છે. નાણાંકીય નુકસાન માટે લક્ષ્ય ત્રણ ટકા રહેવાનો અંદાજ છે. જીએસટી વસુલાતમાં સુધારો થવાનો અંદાજ છે અને રેવેન્યુમાં વધારો થવાનો અંદાજ છે. આર્થિક સર્વે ૨૦૧૮માં આર્થિક સલાહકારોની તરફથી સલાહ આપવામાં આવી છે કે મધ્યમ અવધિમાં રોજગાર, શિક્ષણ અને કૃષિ પર ભાર મુકવામાં આવનાર છે.વ્યક્તિગત આવકવેરા વસુલાતમાં વધારો થઈ રહ્યો છે.રોજગાર સહિતના જુદા જુદા ક્ષેત્રમાં કેટલાક મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરાઈ છે.

## આપ સાંસદોએ રાષ્ટ્રપતિના પ્રવચનનો બહિષ્કાર કર્યો

**'લોકતંત્રમેં તાનાશાહી નહીં ચલેગી'ના નારા લગાવ્યા**



ન્યુ દિલ્હી,તા.૨૯

બજેટ સત્રના પહેલા દિવસે આમ આદમી પાર્ટીના ૫ સાંસદોએ સોમવારે સંસદ ભવન પરિસરમાં આવેલી ગાંધીબાપુની પ્રતિમાની સામે વિરોધ પ્રદર્શન કર્યુ. આ દરમિયાન તેમણે હાથમાં તખ્તી લઈને દિલ્હીમાં સીલિંગ અભિયાન, સિંગલ બ્રાન્ડ રિટેઈલમાં એફડીઆઈ અને પાર્ટીના ૨૦ ધારાસભ્યોને અયોગ્ય ઠરાવવાના વિરોધમાં નારેબાજી કરી. રાષ્ટ્રપતિના અભિભાષણનો બહિષ્કાર કરીને સંજય સિંઘે કહ્યું કે કેન્દ્ર સરકાર સરમુખત્યારશાહી કરી રહી છે.

# એક સાથે ચૂંટણી માટે ચર્ચા જરૂરી

**રાષ્ટ્રપતિના સંબોધનની સાથે જ સંસદનુ બજેટ સત્ર શરૂ : તમામ રાજકીય પક્ષો સહમતીની દિશામાં આગળ વધે તે જરૂરી છે : વેપાર માટે સુવિધાજનક માહોલ બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રયાસો કરી રહી છે**

નવીદિલ્હી,તા. ૨૯

સંસદનુ બજેટ સત્ર આજે શરૂ થયુ હતુ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે સંસદના બન્ને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન કરીને આની શરૂઆત કરી હતી. રાષ્ટ્રપતિએ તેમના અભિભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની કામગીરી અને તેમની ભાવિ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. બજેટ સત્રને સંબોધતા કોવિન્દે જુદા જુદા વિષય પર વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે દેશમાં હવે એક સાથે ચૂંટણી યોજવાના વિષય પર વાતચીત આગળ વધારી દેવાની જરૂર છે. તમામ રાજકીય પક્ષોએ આ વિષય પર સર્વસંમતિ સાધવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર વેપાર માટે સુવિધાજનક માહોલ બનાવવા માટે રાજ્યોની સાથે ખુબ નજીકથી મળીને કામ કરી રહી છે. ભારત હવે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના મામલે ૧૪૨માં સ્થાનથી ૧૦૦માં સ્થાને પહોંચી ગયુ છે. સરકારના રિપોર્ટ કાર્ડને રજૂ કરતા તેમણે કહ્યુ હતુ કે સરકારી ખરીદીની પ્રક્રિયમાં પારદર્શિતા લાવવા માટે ગર્વનમેન્ટ ઈ માર્કેટ પ્લેસની સ્થાપના કરવામાં આવી છે. સરકારની અસરકારક નીતિઓના કારણે જ આજે દેશમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણનો આંકડો

● અનુસંધાન પાન-૭ પર




## ચૂંટણી પડેલા સબસીડી ટ્રમ્પ કાર્ડ ખેલાશે

નવીદિલ્હી,તા. ૨૯

ચૂંટણી પહેલા તમામ પ્રકારની સબ્સિડીની જાહેરાત કરવાની પરંપરા વર્ષોથી રહી છે અને જુદી જુદી સરકારો આ પાસાનો ઉપયોગ પણ કરે છે. દરેક સરકારના નાણાંપ્રધાન સામાન્ય લોકોને પ્રભાવિત કરવા માટે લોકલક્ષી જાહેરાત કરીને તેમને પોતાની તરફ ખેંચવાના પ્રયાસ કરે છે. સરકારો સબ્સિડીને ટ્રમ્પ કાર્ડ તરીકે ઉપયોગ કરવા માટે જાણીતી રહી છે. વર્ષ ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદથી મોદી સરકારે આનાથી થોડીક અલગ પરંપરા અપનાવી છે. હજુ સુધી મોદી સરકારે મોટા પાયે સબ્સિડીની જાહેરાત કરી નથી. આવા પગલાથી સરકાર દુર જ રહી છે. આવી સ્થિતીમાં સામાન્ય બજેટમાં જોવાલાયક બાબત એ રહેશે કે સરકાર સબ્સિડીના મોરચે ક્યા પગલા લેવા જઈ રહી છે. કુલ ખર્ચમાં સબ્સિડીની ટકાવારી ૨૦૧૪-૧૫માં ૧૫.૫૨ ટકા હતી. જે વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૧.૨ ટકા થઈ ગઈ છે. સબ્સિડીની હિસ્સેદારી વર્ષ ૨૦૧૨-૧૩માં સૌથી વધારે થઈ ગઈ હતી. જ્યારે યુપીએ સરકારને જનાદેશનો સામનો કરવો પડ્યો હતો. જો કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઓછા

● અનુસંધાન પાન-૭ પર



બિટીંગ રીટ્રીટ સેરેમની - પ્રજાસત્તાક પર્વની ઉજવણીનું સમાપન અનોખી રીતે યોજાય છે... ૧૯૫૨થી દર વર્ષે ૨૯મી જાન્યુઆરી લશ્કર અને અર્ધલશ્કરીના દળોના બેન્ડની સુરાવલીની અનોખી પ્રસ્તુતિ કરાય છે... રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિત ટોચના લશ્કરી અધિકારીઓ અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાતો ભવ્ય કાર્યક્રમ ભારે આકર્ષણ જમાવે છે...

## આજે રાહુલ ગાંધી મેઘાલય ચૂંટણી પ્રચાર આરંભશે

ન્યુ દિલ્હી,તા.૨૯

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી મેઘાલય વિધાનસભા ચૂંટણીમાં જીત માટે રોકસ્ટારની ભૂમિકા નિભાવવા જઈ રહ્યા છે.કોંગ્રેસમાં એવું પ્રથમ વખત બનશે કે જેમાં કોંગ્રેસ પોતાનો ચૂંટણી પ્રચાર મ્યુઝિકલ નાઈટના આયોજનથી શરૂ કરશે. ચૂંટણી પ્રચારના આ અભિયાનની આ પ્રકારની શરૂઆત ખુદ રાહુલ ગાંધીના હસ્તે આવતીકાલે શિલોંગથી થવા જઈ રહી છે.મેઘાલયના શિલોંગમાં યોજાનારા કોંગ્રેસના કાર્યક્રમમાં દેશના તમામ મોટા બેન્ડ પરફોર્મ કરશે.

મેઘાલયમાં ૨ કલાક સુધી ચાલનારા આ કાર્યક્રમને 'સેલિબ્રેટ પીસ એન્ડ વે ઓફ લાઈફ' નામ આપવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં રાહુલ ગાંધી સ્થાનિક લોકો સાથે સંવાદ કરશે.

## આગામી બજેટ દેશવાસીની આશા પૂર્ણ કરશે : પ્રધાનમંત્રી

**ત્રિપલ તલાક બિલ પર સહકારની અપીલ : બજેટ સત્રની શરૂઆત પૂર્વે વડાપ્રધાન મોદીએમોટા સંકેતો આપ્યા બાદ અટકળોનો દોર : કરદાતાઓને રાહત મળશે**

નવી દિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બજેટ સત્રની શરૂઆત પહેલા કેટલાક મોટા સંકેતો આપતા સામાન્ય લોકોમાં અટકળોનો દોર શરૂ થયો છે. બજેટ સત્રની શરૂઆત થાય તે પહેલા મોદીએ કહ્યુ હતુ કે બજેટ તમામ લોકોની અપેક્ષા અને આશાને પૂર્ણ કરશે. મોદીએ ત્રિપલ તલાક બિલના મુદ્દા પર સહકાર આપવા માટે અપીલ પણ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે બજેટ માત્ર દેશના અર્થતંત્રને ગતિ આપનાર જ રહેશે નહી બલ્કે સામાન્ય લોકોની અપેક્ષાને પણ પરિપૂર્ણ કરનાર તરીકે રહેશે. મોદીના સંકેત બાદ એમ માનવામાં આવે છે કે કરદાતાઓને બજેટમાં મોટી રાહત મળી શકે છે. મોદીએ કહ્યુ હતુ કે તેઓ વિપક્ષી પાર્ટીઓને અપીલ કરે છે કે મુસ્લિમ મહિલાને ન્યાય મળી શકે છે તે માટે જે નિર્ણય કરવામાં આવ્યો છે તે નિર્ણયને સહકાર આપવામાં આવે. મોદીએ કહ્યુ હતુ કે ત્રિપલ તલાક બિલથી મહિલા હિતોનુ રક્ષણ થનાર છે. તમામને સાથે મળીને નવા વર્ષમાં મુસ્લિમ મહિલાને મોટી ભેંટ આપવા માટેના પ્રયાસ થવા જોઈએ. બજેટને લઈને મોદીએ સંકેત આપ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે બજેટ સત્ર ખુબ જ મહત્વપૂર્ણ છે. વિશ્વની તમામ ક્રેડિટ રેટિંગ સંસ્થાઓ ભારતના અર્થતંત્રની



● અનુસંધાન પાન-૭ પર




Upcoming English Medium Schools at Gandhinagar & Chandrala Require...

**Primary Section**
• Principal • Vice-Principal • Co-ordinator • Teachers (All Subjects)

**Pre-Primary Section**
• Co-Ordinator • Teachers

**Administration**
• Public Relation Officer • Front Desk Executive • Receptionist • Manager: HR, Admin

e-mail : umiyaedu@gmail.com whatsapp : 7779057027

**Excellent Opportunity for Fresh**
• MBA • MCA • MSW • B.Pharm • BE

